**ફોજદારી કેસ નં. ૪૮૦૩૬/૨૦૧૯ ના કામમાં આંક–૧ લગત હુકમ :–**

આજરોજ ફાઈલ હાથ પર લીધી. પોકાર કરાવતાં પક્ષકારો હાજર નથી, આરોપીના વિ.વ.શ્રી હાજર નથી. ફરીયાદીના વિ.વ.શ્રી પ્રથમ સીટીંગમાં હાજર હતા અને મુદત રિપોર્ટ, થોડીવારમાં મોકલાવું તેમ કહી ગયા બાદ સાંજે પાંચ વાગ્યા સુધી રાહ જોવા છતાં ફરીયાદી તરફથી કોઈ મુદત અરજ રજુ નથી. રેકર્ડ જોતાં સદરહુ ફરીયાદ ફરીયાદી એ આરોપી વિરૂધ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળ દાખલ કરેલ છે અને રેકર્ડ રોજકામ જોતાં હાલના કામે આરોપીને સમન્સની લાંબા સમયથી બજવણી થયેલી નહીં હોવા છતાં ફરીયાદી તરફે તેમના વિ.વ.શ્રીએ સમન્સ/વોરંટ હાથોહાથ મેળવેલ હોવા છતાં રજીએડી થી નોટીસ મોકલેલ કે કેમ તે જાહેર કરવાની કે હાજર રહેવાની કે ત્યારપછી કયારેય મુદત અરજી રજુ કરવા પણ દરકાર લીધેલ નથી. આમ, હાલનુ કામ ઘણા લાંબા સમયથી આરોપીના સરનામે સમન્સ/વોરંટની બજવણીના સ્ટેજે ચાલતુ હોવા છતાં ફરીયાદીએ હાજર રહી પોતાનો કેસ આગળ ચલાવવા કે બજવણી કરવા કોઈ દરકાર લીધેલ નથી. વળી રેકર્ડ વંચાણે લેતાં હાલનો કેસ આશરે **૭** વર્ષ જેટલો જુનો છે અને હાલનાં કામે ફરીયાદીને અવારનવાર તક મળવા છતાં કેસ આગળ ચલાવવા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી તેમજ ફરીયાદી તરફે વકીલશ્રીએ પણ છેલ્લા લાંબા સમયથી કેસ કાર્યવાહીમાં હાજર હોવા છતાં મુદત અરજી રજુ કરવાની પણ દરકાર લીધેલ નથી. વધુમાં ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નંબર ર૪૦૫/૦૯ ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૮/૦૧/૨૦૧૦ ના ચુકાદામાં નામદાર ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નીષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચીત હોવાનું ઠરાવેલ છે. આ સંજોગોમાં ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૬ની જોગવાઈ વંચાણે લેતાં તે નીચે મુજબ છે.

256. Non-appearance or death of complainant. –

(1) If the summons has been issued on complaint and on the day appointed for the appearance of the accused, or any day subsequent thereto to which the hearing may be adjourned, the complainant does not appear, the Magistrate shall notwithstanding anything herein before contained, acquit the accused unless for some reason he thinks it proper to adjourn the hearing of the case to some other day:

Provided that where the complainant is represented by a pleader or by the officer conducting the prosecution or where the Magistrate is of opinion that the personal attendance of the complainant is not necessary, the Magistrate may dispense with his attendance and proceed with the case.

(2) The provisions of sub-section (1) shall, so far as may be, apply also to cases where the non-appearance of the complainant is due to his death.

આમ, કેસનું રેકર્ડ તથા ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ વંચાણે લઈ, ફરીયાદીને વ્યાજબી અને પર્યાપ્ત તક આપવા છતાં પોતાનાં કેસમાં આરોપીને સમન્સ/વોરંટની બજવણી કરવાનાં સ્ટેજે ગેરહાજર રહેલા છે અને બજવણી કરવા કોઈ પ્રયત્ન કરેલ નથી. તે સંજોગોમાં હાલના કામે ન્યાયનાં વિશાળ હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– // <u>હુકમ</u> //–**

હાલનાં કામે ફરીયાદી ગેરહાજર રહેતાં હોય, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૬ ની જોગવાઈ પ્રમાણે ફરીયાદીની ગેરહાજરી સબબ તથા આરોપીને સમન્સ/વોરંટની બજવણી નહીં કરવા સબબ આજરોજ આરોપીને નિર્દોષ ઠરાવી ફરીયાદીનો કેસ ડીસમીસ ફોર ડીફોલ્ટથી ફેસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ
તારીખ : ૦૧/૦૭/૨૦૨૫

( અશ્વિનકુમાર પરબતભાઈ ડેર )
૨૩માં એડી. ચીફ જ્યુડિ. મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં. ૨૭, અમદાવાદ.
(UIC No.GJ00999)